


# પરાક્રમી તેનાલીરામ


પુનર્કથનઃ
યોગેશ જોષી



પ્રકાશક

ZEN OPUS

www.zenopus.in



# ફૂલદાની તે વળી કોઈનો જીવ લે?

એક વાર મહારાજ કૃષ્ણદેવરાયે રાજ્યનો સ્થાપનાદિવસ ધામધૂમથી ઊજવ્યો. અનેક રાજ્યના રાજાઓ વિજયનગર પધાર્યા.

બધાએ મહારાજ કૃષ્ણદેવરાયને જાતજાતની નાનીમોટી ભેટ આપી. એમાં કાચની સુંદર ચાર ફૂલદાનીઓ પણ હતી. ચારે ફૂલદાનીઓ પર ઝીણી ઝીણી સરસ મજાની નકશી હતી. રાજાને આ ફૂલદાનીઓ ખૂબ ગમી ગઈ.


આ ફૂલદાનીઓની સંભાળ રાખવા માટે રાજાએ એક ખાસ સેવક નીમ્યો. એનું નામ રામસિંહ. એ ફૂલદાનીઓને રામસિંહ પોતાના જીવથીય વધારે જાળવતો. વારંવાર એ ફૂલદાનીઓને ઘસી ઘસીને સાફ કરતો.



જ્યારે જુઓ ત્યારે એ ફૂલદાનીઓ જાણે હાલ જ ખરીદી હોય તેવી નવીનક્કોર ચકચકતી દેખાતી, એક વાર હંમેશની જેમ રામસિંહ ફૂલદાની સાફ કરતો હતો ત્યાં ક્યાંકથી ઓચિંતી એક બિલાડી કૂદી ને રામસિંહના હાથમાંથી ફૂલદાની પડી ને ફૂટી ગઈ.

એની ખબર તરત રાજા સુધી પહોંચી ગઈ.

રાજા તો કાળઝાળ ગુસ્સે થઈ ગયા.


તેનાલીરામ

તરત એમણે હુકમ કર્યો: "રામસિંહને કેદમાં નાખો ને બે દિવસ પછી એને ફાંસીએ લટકાવી દો."

તેનાલીરામ એ વખતે ત્યાં હાજર હતા.

તે બોલ્યા : "મહારાજ, માફ કરો. પણ આટલી નાની વાત માટે આવડી મોટી સજા...?"

પણ ત્યારે રાજા ખૂબ જ ગુસ્સામાં હતા. બોલ્યા: "આ બાબતમાં મારે કોઈનીય સલાહ નથી સાંભળવી. મેં જે સજા ફરમાવી તે ફરમાવી."

એ વખતે રાજા ખૂબ જ ગુસ્સામાં હતા આથી તેનાલીરામ ચૂપ રહ્યા. પણ એમણે નક્કી કર્યું: ગમે તે થાય, પણ નિર્દોષ રામસિંહનો જીવ બચાવવો.



ગમે તેવી મુશ્કેલી હોય, તેનાલીરામ રસ્તો કાઢ્યા વગર થોડા રહે?

તેનાલીરામ રામસિંહને મળવા જેલમાં ગયા. રામસિંહના કાનમાં એમણે કંઈક કહ્યું. રામસિંહે હકારમાં ડોકું ધુણાવ્યું.

ફાંસીનો દિવસ આવ્યો. ફાંસીનો માંચડો ગોઠવાયો. રામસિંહને મરતાં પહેલાં એની છેલ્લી ઇચ્છા પૂછવામાં આવી.

રામસિંહ બોલ્યો: "એક ફૂલદાની તો મારા હાથે ફૂટી ગઈ, પણ ફાંસીએ ચડતાં પહેલાં બાકીની ત્રણ ફૂલદાનીઓને હું મહારાજની હાજરીમાં જોવા ઇચ્છું છું."


તેનાલીરામ

એ ત્રણ ફૂલદાનીઓ જોવા માટે રામસિંહને મહેલમાં લાવવામાં આવ્યો.

એ વખતે તેનાલીરામ પણ ત્યાં હાજર હતા. ફૂલદાનીઓને જોતાં જ રામસિંહે ડાબા હાથે જોરથી ઝાપટ મારી ને ત્રણે ફૂલદાનીઓ નીચે પટકાઈ - ખણંગ્... ખણંગ્... ખણંગ્... ત્રણે ફૂલદાનીઓ ફૂટી ગઈ.

આ જોઈ રાજાના ડોળા ક્રોધથી ફાટી ગયા. તેઓ જોરથી બરાડ્યા : "આ તેં શું કર્યું મૂરખ? બાકીની ત્રણ ફૂલદાનીઓ આમ તોડી નાખવાથી તને શું મળ્યું?"

રામસિંહ શાંતિથી બોલ્યોઃ "ત્રણ માણસોનું જીવન...!"

રાજા ચૂપ! ગુસ્સે થઈને પણ તેઓ ફાંસી કરતાં વધારે સજા કંઈ કરી શકવાના હતા?



રાજાને સમજાયું, રામસિંહે ખરેખર ત્રણ માણસોની જિંદગી બચાવી.

રાજાને પોતાની ભૂલ સમજાઈ. એમણે રામસિંહની ફાંસીની સજા માફ કરી. પછી રામસિંહને પૂછ્યું : "બોલ, તને આમ કરવાની સલાહ કોણે આપેલી?"

રામસિંહ હાથ જોડીને ઊભો હતો. એણે તેનાલીરામ સામે જોયું. તેનાલીરામ મરકમરક મલકાતા હતા. રાજાએ તેનાલીરામનો ખૂબ ખૂબ આભાર માન્યો.



# સૌથી મૂલ્યવાન ચીજ

વિજયનગરના રાજા કૃષ્ણદેવરાયનો પડોશી રાજા સાથેના યુદ્ધમાં વિજય થયો. વિજયનગરમાં વિજયોત્સવ ઉજવાયો. મહારાજને થયું, આ ભવ્ય વિજયની યાદમાં વિજયનગરના ચોકમાં એક વિજયસ્તંભ રચવો જોઈએ.

તરત આ કામ એક શિલ્પીને સોંપાયું. શિલ્પી ખૂબ મહેનતુ અને પ્રામાણિક હતો. કળા એને વરેલી હતી. એક વર્ષમાં એણે સુંદર અને કલાત્મક સ્તંભ તૈયાર કર્યો. એના પર ઝીણી ઝીણી સુંદર કોતરણી કરી. શિલ્પીને એનું મહેનતાણું ચૂકવાયું.

રાજા આ વિજયસ્તંભ જોઈને શિલ્પી પર ખૂબ પ્રસન્ન થયા. એમણે શિલ્પીને કહ્યું : “તારી કારીગરીથી હું ખૂબ પ્રસન્ન થયો છું. માગ, માગ, જે જોઈએ તે માગી લે.”



શિલ્પી હાથ જોડીને બોલ્યો: “મહારાજ, મારું મહેનતાણું મને મળી ગયું છે. હવે આપની કૃપા સિવાય મારે બીજું કંઈ જ નથી જોઈતું.”

રાજા બોલ્યા : “ના પાડે નહીં ચાલે. કંઈક તો માગવું જ પડશે.”

દરબારીઓ પણ શિલ્પીને સમજાવવા લાગ્યા.

દરબારીઓએ કહ્યું: “આવો અવસર જિંદગીમાં


તેનાલીરામ

વારંવાર નથી આવતો. માટે એવું કંઈક માગી લે, જેથી તારી જિંદગીનો ઉદ્ધાર થઈ જાય.”

શિલ્પી બોલ્યોઃ “મારા મહેનતાણા સિવાય હું બીજું કંઈ જ સ્વીકારી ન શકું.”

આ સાંભળીને મહારાજને માઠું લાગ્યું, શિલ્પીને ઈનામરૂપે બીજું કંઈક આપવાની મારી આટલી પ્રબળ ઇચ્છા છે ને આ શિલ્પી ના પાડે તે કેમ ચાલે? કંઈ પણ માગવા માટે રાજાએ તો તેમની જીદ ચાલુ રાખી. તેનાલીરામ દરબારમાં હજી આવ્યા નહોતા. એમના વિના આ પ્રશ્ન ઉકેલે કોણ? વળી રાજાની જીદ આગળ શિલ્પીનું પણ શું ચાલે?

આખરે શિલ્પીએ ઓજારો ભરેલી થેલી ખાલી કરી ને ખાલી થેલી રાજાની સામે ધરતાં એ બોલ્યોઃ “જો આપ મને કંઈક આપવા જ માગતા હો તો આ થેલી સંસારની સૌથી મૂલ્યવાન ચીજથી ભરી દો.”

મહારાજે હુકમ કર્યોઃ “મૂલ્યવાન હીરા-ઝવેરાતથી આ થેલી ભરી દો.”

ત્યાં તો શિલ્પી બોલી ઊઠ્યોઃ “હીરા-ઝવેરાત શું સંસારની સૌથી મૂલ્યવાન ચીજ છે?”



મહારાજે દરબારીઓને પૂછ્યું : “સંસારની સૌથી મૂલ્યવાન ચીજ કઈ?”

દરબારીઓ ચૂપ થઈ ગયા. છેવટે રાજાએ તેનાલીરામને બોલાવ્યા ને પૂછ્યુંઃ “સંસારની સૌથી મૂલ્યવાન ચીજ કઈ?”


તેનાલીરામ

તેનાલીરામે જવાબ આપ્યોઃ "એનો આધાર લેવાવાળા પર છે."

દરબારમાં આવતાં અગાઉ તેનાલીરામે સેવક પાસેથી બધીયે વાતની પૂરી જાણકારી મેળવી લીધી હતી.

તેનાલીરામ બોલ્યાઃ "કોને જોઈએ છે સંસારની સૌથી મૂલ્યવાન ચીજ?"

શિલ્પી બોલ્યોઃ "મને."

અને એણે ખાલી થેલી લંબાવી.

તેનાલીરામે એ ખાલી થેલીનું મોં ખોલી, પાંચ-સાત વખત થેલી ખૂબ ઝડપથી ઉપર-નીચે કરી. પછી ફટ્ કરતું થેલીનું મોં બંધ કરી દીધું. પછી થેલી શિલ્પીને પાછી આપતાં તેનાલીરામે કહ્યુંઃ "લે, સંસારની સૌથી મૂલ્યવાન ચીજ મેં તારી થેલીમાં ભરી દીધી છે."

શિલ્પી તો થેલી લઈને રાજી થતો થતો ચાલ્યો ગયો.

રાજગોર તરત બોલ્યાઃ "તેનાલીરામ, તમે થેલીમાં કંઈ ભર્યું તો નહોતું તોય શિલ્પી પૂરા સંતોષ સાથે કેમ ચાલ્યો ગયો?"

તેનાલીરામ બોલ્યા : "તમે જોયું શું? મેં એની થેલીમાં હવા ભરી હતી! સંસારમાં હવા કરતાં વધારે મૂલ્યવાન કોઈ ચીજ છે ખરી? હવા વગર જીવી શકાય ખરું?"

આખા દરબારમાં તેનાલીરામની વાહવાહ થઈ ગઈ.

